"સંકલ્પભૂમિ સ્મારક" વડોદરા ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા બનાવવાની કામગીરી માટે માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અધ્યક્ષપદે સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૭૪૨૧૩/હ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૦૬/૨૦૨૦

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૬/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૦/૧૨૧૩-૧૨૧૪/હ

**<u>પ્રસ્તાવના:</u>**

ભારત સરકાર દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણીના સંદર્ભમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા બે નવા સ્થળોનો વિકાસ કરવાનો નિર્ણય કરેલ હતો. જેમાં "સંકલ્પભૂમિ" વડોદરાનો સમાવેશ થયેલ છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરના સંકલ્પ દિવસ તા.૨૩/૦૯/૧૯૧૭ને વર્ષ-૨૦૧૭માં ૧૦૦ વર્ષ પૂર્ણ થયેલ છે, જે અન્વયે "સંકલ્પભૂમિ સ્મારક" વડોદરા ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની ડિઝાઇન નક્કી કરવા, ડૉ.બાબાસાહેબના અવતરણો તૈયાર કરવા, આર્ટવર્ક તથા ડૉ.બાબાસાહેબ આંબેડકરનું વડોદરા ખાતે બંધારણ સાથેનું જોડાણ જેવી બાબતો માટે વંચાણે લીધા ક્રમાંક (૧) થી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગરના તા.૨૬/૦૨/૨૦૨૦ના પત્રની દરખાસ્ત અન્વયે એક સમિતિની રચના કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(પાછળ)

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે "સંકલ્પભૂમિ સ્મારક" વડોદરા ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા બનાવવાની કામગીરી માટે માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અધ્યક્ષપદે નીચે મુજબ સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨ | અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૩ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |
| ૪ | મ્યુનિસિપલ કમિશનરશ્રી, વડોદરા | સભ્ય |
| ૫ | મેનેજિંગ ડિરેક્ટરશ્રી,પ્રવાસન વિકાસ નિગમ, ગાંધીનગર | સભ્ય |
| ૬ | કલેક્ટરશ્રી, વડોદરા | સભ્ય |
| ૭ | કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, વડોદરા | સભ્ય |
| ૮ | જિલ્લા પ્રવાસન અધિકારીશ્રી, વડોદરા | સભ્ય |

૨. આ હુકમો આ વિભાગની સદરહુ ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- સમિતિના તમામ સભ્યશ્રીઓ.
- શ્રી હિરેન ગાંધી, આર્કિટેક્ટ, કુંજ-૨, મ્યુનિસિપલ સ્ટાફ હાઉસીંગ સોસાયટી,
  મેમનગર, સેન્ટ ઝેવીયર્સ લોયોલા હાઇસ્કૂલ પાછળ, અમદાવાદ-૩૮૦૦૫૨
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (અ.જા.ક.)
  (નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ- ૨૦૨૦